દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬

# ચૂંટણીપંચની કોન્ફરન્સમાં સરળતા અને પારદર્શિતાના નિર્ણયો કરાશે તો જ લેખે લાગશે

તમામ મતદારોની તપાસ એટલે કે SIR બાદ કેન્દ્ર સરકારે વધુ એક વિવાદનો મધપુડો છંછેડવો શરૂ કર્યો છે. ચૂંટણી પ્રક્રિયામાં માસ્ટર પ્લાન બનાવવાના નામે કેન્દ્ર સરકારે લોકસભાથી શરૂ કરીને છેક પંચાયતો સુધીની ચૂંટણીઓમાં એકરાગિતા આવે તે માટે નેશનલ એસઈસી કોન્ફરન્સનું આયોજન કર્યું છે.

આગામી તા.24મીએ દિલ્હીમાં દેશભરના 36 રાજ્યોના ચૂંટણી કમિશનરો અને ટેકનિકલ તેમજ કાનૂની નિષ્ણાતો દ્વારા મંથન કરવામાં આવશે. જેમાં મતદાર યાદી અને પ્રક્રિયાઓને એકસમાન બનાવવા પર ચર્ચાઓ કરવામાં આવશે. અત્યાર સુધી દેશમાં એવું છે કે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ કેન્દ્રીય ચૂંટણી પંચ કરાવે છે. જ્યારે મહાનગર પાલિકા, નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે.

આ બેઠકમાં આ બંને વ્યવસ્થાઓને પારદર્શક બનાવવા માટેનો રોડમેપ નક્કી કરવામાં આવશે. ભૂતકાળમાં 27 વર્ષ પહેલા આવી કોન્ફરન્સ યોજવામાં આવી હતી અને તેમાં અનેક નિર્ણયો કરવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા આ કોન્ફરન્સ જરૂરી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારનું કહેવું છે કે, અલગ અલગ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની પ્રક્રિયા કરવામાં આવતી હોવાથી મતદાર યાદી અને પ્રક્રિયામાં વિસંગતતા જોવા મળે છે. આ વિસંગતતા દૂર કરવા માટે તેમજ બંને સ્તરે ચૂંટણી પ્રક્રિયાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવાની જરૂરીયાત છે.

ઉપરાંત બંને ચૂંટણીપંચ વચ્ચે તાલમેલ કરવા માટે પણ આ બેઠકમાં કવાયત કરવામાં આવશે. 1999માં અગાઉ થયેલી આજ પ્રકારની કોન્ફરન્સમાં અનેક મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ કોન્ફરન્સનું અધ્યક્ષપદ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સંભાળશે. તેમની સાથે ચૂંટણી કમિશનર સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશી પણ હાજર રહેશે. અનેક રાજ્યોના ચૂંટણી કમિશનરો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરને મળીને રાષ્ટ્રીય પરિષદ યોજવા માટે સૂચન કરાયું હતું. તેને પગલે આ પરિષદ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નેશનલ કોન્ફરન્સ મતદારો માટે હકારાત્મક બને તેવી જરૂરીયાત છે.

હાલમાં દેશમાં SIRના નામે અનેક વિવાદો ચાલી રહ્યા છે. ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. મતદારો પોતાને સાબિત કરવા માટે મથામણ કરી રહ્યા છે. પુરાવાઓ આપવા છતાં પણ તેમના નામો અગાઉની SIRની યાદીમાં નહીં હોવાનો મુદ્દો ઉપસ્થિત કરીને મતદારોને હેરાન કરવામાં આવી રહ્યા છે.

આ એ જ મતદારો છે કે જેમણે અગાઉની ચૂંટણીઓમાં મતદાન કર્યું જ છે. આ નેશનલ કોન્ફરન્સમાં આ મુદ્દે પણ સ્પષ્ટતા કરવામાં આવે તે જરૂરી છે. આ નેશનલ કોન્ફરન્સ 27 વર્ષ બાદ થઈ રહી છે પરંતુ હવે આ કોન્ફરન્સ સમયાંતરે યોજવા માટેના આયોજનો પણ કરવા જોઈએ. જેથી ચૂંટણીની પ્રક્રિયા તેમજ મતદાર યાદી બનાવવામાં પડતી મુશ્કેલીઓની ચર્ચા સાથે તેનું નિરાકરણ આવી શકે.

લોકશાહીને જીવંત રાખવા માટે ચૂંટણીમાં પારદર્શિતા ખૂબ જ જરૂરી છે. હાલમાં એવો માહોલ છે કે ચૂંટણીપંચની કામગીરી પ્રત્યે શંકાઓ ઊભી થઈ રહી છે. આ સંજોગોમાં ચૂંટણીપંચ દ્વારા નિષ્પક્ષ કામગીરી કરવામાં આવે તે જરૂરી છે. જો આ કોન્ફરન્સમાં મતદારોથી માંડીને એકપણ રાજકારણીને ચૂંટણી પંચ પ્રત્યે સંદેહ નહીં રહે તેવા આયોજનો કરવામાં આવશે તો જ કોન્ફરન્સ લેખે લાગશે તે નક્કી છે.

# ૨૦૨૬-૨૭ના વર્ષમાં શૅરબજારમાં રોકાણ કરનારે કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**એક અંદાજ મુજબ ૨૦૨૬-૨૭ના વર્ષ દરમિયાન એક ડૉલર સામે રૂપિયો ૧૦૦ની સપાટી વટાવે તો નવાઈ પામવા જેવું નહીં હોય. આને કારણે વિદેશી સંસ્થાગત રોકાણકારો ભારતીય શૅરબજારમાં રોકાણ કરવાનું આકર્ષક ન ગણે તેમ માની શકાય**

નિર્મલા સીતારામણે બે રેકોર્ડ એક સાથે તોડ્યા. પહેલો, રવિવારે બજેટ રજૂ કરવાનો અને બીજો આ બજેટને વધાવતાં રોકાણકારોના શૅરબજારમાં અગિયાર લાખ કરોડ સ્વાહા થઈ ગયા. સેન્સેક્સ ૧૫૪૬ પોઈન્ટ ઘટ્યો. નિફ્ટી પણ ૪૯૫ પોઈન્ટ તૂટ્યો. એનું મુખ્ય કારણ ફ્યુચર અને ઓપ્શન પર સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ વધારાયો. બજેટ બાદ ૧ ફેબ્રુઆરી, રવિવારના રોજ શૅરબજાર ૧૫૪૬ પોઈન્ટ અથવા લગભગ બે ટકા જેટલો સેન્સેક્સમાં ઘટાડો દર્શાવતું ૮૦,૭૨૨ પર બંધ થયું. નિફ્ટી પણ ૪૯૫ પોઈન્ટ ઘટીને ૨૪,૮૨૫ પર બંધ થયું, જેને કારણે રોકાણકારોને ભારે નુકસાન થયું. બજેટની કુલ રકમ ૫૩ લાખ કરોડથી વધારે રહી તેની સરખામણીમાં બજેટના પાંચમા ભાગ એટલે કે ૨૦ ટકા જેટલી રકમ શૅરબજારમાં મોટે ભાગે નાના અને મધ્યમ રોકાણકારોની ધોવાઈ ગઈ. સરકારે સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ (એસટીટી)ને ૦.૨ ટકાથી વધારી ૦.૫ ટકા કર્યો એટલે કે, ૨૫૦ ટકા (અઢી ગણો) કર્યો જ્યારે ઑપ્શન્સ પ્રિમિયમ્સ અને એક્સાઈઝ પરનો એસટીટી વધારીને ૦.૧ ટકામાંથી ૦.૧૫ ટકા કર્યો. બીજા કોઈ દેખીતા પ્રોત્સાહન લાભોની ગેરહાજરીમાં શૅરબજાર આ વધારા સામે ગગડી ગયું. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૭ શેર ગગડ્યા.

સરકારે આ બજેટમાં કરેલી જાહેરાત મુજબ સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ એટલે કે શૅરબજારમાં લેણદેણ પર લાગતો ટેક્ષ વધારી દીધો છે, જેની વિગતોમાં ઊતરીએ તો-

૧. જ્યારે સિક્યુરિટી હાથ બદલે છે ત્યારે એસટીટી ૦.૨ ટકાથી વધારી ૦.૫ ટકા થયો છે.

૨. જ્યારે તમે કોઈ ઑપ્શન ખરીદો છો કે વેચો છો ત્યારે તમે જે કિંમત (પ્રિમિયમ) ચૂકવો છો તેના પર લાગતો ટેક્ષ હવે અગાઉના ૦.૧ ટકાથી વધીને ૦.૧૫ ટકા કરી દેવામાં આવ્યો છે.

૩. ઑપ્શાન એક્સાઈઝ પર ટેક્ષઃ જ્યારે તમે તમારા ઑપ્શન કોન્ટ્રેક્ટનો ઉપયોગ (એક્સાઈઝ) કરીને ડિલિવરી લો છો કે આપો છો ત્યારે તેના પર અપાતો ટેક્ષ પણ વધારી દેવામાં આવ્યો છે. આ ટેક્ષ ૦.૧૨૫ ટકાથી વધારે ૦.૧૫ ટકા કરી દેવામાં આવ્યો છે અને પ્રશ્ન એ થાય છે કે, આ સિક્ટોરિટી ટ્રાન્ઝેક્શાન ટેક્ષ છે શું?

સિક્ટોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ એટલે એ એક પ્રકારનો ડાયરેક્ટ ટેક્ષ છે, જે શૅરબજારમાં થતા દરેક ખરીદ-વેચાણ પર લાગે છે. આ ટેક્ષ તમને નુકસાન થઈ રહ્યું હોય તો પણ ચૂકવવો પડે છે, કારણ કે, આ ટેક્ષ તમે શૅરબજાર પર કેટલું ટર્નઑવર કરો છો એની ટ્રાન્ઝેક્શન વેલ્યૂ પર કપાય છે અને સ્ટૉક એક્ષચેન્જ એને સરકાર પાસે જમા કરાવે છે. તમે એક રોકાણકાર છો તો એની તમારા પર શું અસર થશે? સિક્ટોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ વધવાથી હવે ઑપ્શન્સમાં ટ્રેડ કરવું થોડું મોંઘું થઈ જશે, કારણ કે, તમારે સરકારને પહેલાં કરતાં વધુ ટેક્ષ ચૂકવવો પડશે. આમ થવાને કારણે તમારા ચોખ્ખા નફા એટલે કે નેટ પ્રોફિટમાં ઘટાડો થશે. એ યાદ રાખો કે તમે નુકસાન કરો છો તો પણ આ ટેક્ષ તો ભરવો જ પડે છે એટલે કે શૅરબજાર પર નુકસાનીનું ટર્નઓવર કર્યું તો આ ટેક્ષને કારણે નુકસાન થોડું વધી જશે.

તમે શૅરબજારમાં રોકાણકાર છો તો ૨૦૨૬-૨૭ના વર્ષ દરમિયાન નીચેના મુદ્દા ધ્યાનમાં રાખોઃ

૧. બજેટ ૨૦૨૬-૨૭માં સાડા બાર લાખ કરોડ જેટલી રકમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવવામાં આવી છે. આમ થવાને કારણે મોટી કન્સ્ટ્રક્શન કંપનીઓ, વીજ ઉત્પાદક, વહન અને વહેંચણી કરતી પ્રવૃત્તિ, સિમેન્ટ, સ્ટીલ, પોર્ટ, રેલવે વગેરે સેક્ટરો સાથે સંકળાયેલી કંપનીઓ ઉપર નજર રાખો. આવી કંપનીઓમાં ઘટાડે ખરીદ કરો અને તમને નિર્ધારિત વળતર મળી રહે તે લેવલે ઉછાળે વેચો.

૨. યાદ રાખોઃ સિક્ટોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્ષની અસર પચાવી જતાં શૅરબજારને થોડો સમય લાગશે. જૂન,૨૦૨૬ બાદ લગભગ શૅરબજાર આ આંચકો પચાવી ગયું હશે.

૩. તાજેતરમાં જ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે, 'હાલના ચૅરમેન પોવેલ પાસેથી કેવીન વૉર્શ લગભગ ૧૫ મે, ૨૦૨૬ કે તેની આસપાસ ફેડરલ રિઝર્વના ચેરપર્સન તરીકેનો ચાર્જ સંભાળી લેશે.' ડોનાલ્ડ ટ્રમ્પે કેવીન વૉર્શનું નામ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જાહેર કર્યું. ૨૦૨૬ની મંદીનો અનુભવ ધરાવનાર કેવીન વૉર્શ 'ઈન્ફ્લેશન હૉક' તરીકે જાણીતા છે. આ કારણથી ફેડના વ્યાજદર ઘટે તેવી શક્યતાઓ ઓછી છે. જો આમ થાય તો ફેડરલ બૉન્ડના વ્યાજદર ઊંચા અથવા હાલના સ્તરે રહે પણ જો વ્યાજદર કપાય તો જ વિદેશી રોકાણકારો ભારતીય બજારમાં પાછા ફરે એટલે ૨૦૨૬-૨૭માં વિદેશી સંસ્થાગત રોકાણકારો (એફઆઈઆઈ) મોટા પાયે ભારતીય શૅરબજારમાં પાછા આવે અને એને કારણે તેજીનો વંટોળ ફૂંકાય તેવી શક્યતા કેવીન વૉર્શ કેવી નીતિ અખત્યાર કરે છે તેના પર આધારિત હશે. પણ જો અમેરિકામાં વ્યાજદરમાં ઘટાડો થાય તો આ શક્યતાઓ વધી શકે છે.

૪. નિર્મલા સીતારામણના બજેટમાં અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન મળે તેવાં પગલાંને બદલે પ્રમાણમાં રૂઢિચુસ્ત કહી શકાય તેવાં પગલાં થકી ફિસ્કલ ડેફીસીટ એટલે કે નાણાંકીય ખાધ ઘટાડીને જીડીપીના ૪.૩ ટકા કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું છે. ૨૦૨૫-૨૬માં દેશનું કુલ દેવું જે જીડીપીના ૫૭.૧ ટકા હતું તે ઘટાડીને ૨૦૩૦-૩૧ સુધીમાં ૫૦ ટકા સુધી લઈ જવાનું ધ્યેય સરકારે રાખ્યું છે જેને કારણે પણ આરોગ્ય, શિક્ષણ, વિ.રામજીકી જેવી તેમજ મફત અનાજ અને પીએમ હેલ્થકેર જેવી યોજનાઓમાં કેન્દ્ર સરકાર ઉદારતાથી ખરચ કરી શકશે નહીં. આ કારણથી ભારતીય અર્થવ્યવસ્થા ફુલગુલાબી તેજીની સ્થિતિમાં દેખાય તેવા સંજોગો નથી.

૫. રિઝર્વ બૅન્ક દ્વારા વારંવાર ડૉલરનું વેચાણ કરીને રૂપિયાને સ્થિર રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે છતાં પણ ડૉલરના સાપેક્ષમાં રૂપિયો ઘસાઈ રહ્યો છે. એક અંદાજ મુજબ ૨૦૨૬-૨૭ના વર્ષ દરમિયાન એક ડૉલર સામે રૂપિયો ૧૦૦ની સપાટી વટાવે તો નવાઈ પામવા જેવું નહીં હોય. આને કારણે વિદેશી સંસ્થાગત રોકાણકારો ભારતીય શૅરબજારમાં રોકાણ કરવાનું આકર્ષક ન ગણે તેમ માની શકાય. વિદેશી મૂડીરોકાણ આકર્ષવું હોય તો સ્થિર સરકાર, લાંબા ગાળાનું રોકાણ અને કરવેરાને માટે પ્રોત્સાહક નીતિઓ, ભારતની કરન્સી એટલે કે રૂપિયો મજબૂત હોય તેમજ આજે આવક અને સંપત્તિ ક્ષેત્રે અસમાનતાઓ વધી રહી છે, તેને બદલે પ્રમાણમાં આવક અને સંપત્તિનું સમતોલ વિતરણ જરૂરી બને છે. જો કે બજેટ બાદ રૂપિયો મજબૂત બન્યો છે અને ૯૨.૯૩ની સપાટી પરથી ૯૦ની સપાટીએ પાછો ફર્યો છે.

૬. ભારત વિશ્વની પાંચમા નંબરની મોટી અર્થવ્યવસ્થા છે, એ ટૂંક સમયમાં ચોથા નંબરે પણ પહોંચી શકે પણ ૨૦૪૭માં ભારત વિકસિત દેશ બને તે શક્યતા તો જ ફળીભૂત થાય, જો આવનાર ૨૨ વર્ષ આપણી અર્થવ્યવસ્થા સતત આઠ ટકા કરતાં વધુ વૃદ્ધિદરથી વિકાસ કરે. આ શક્યતાઓ ધૂંધળી છે. બીજું, માથાદીઠ આવકની દૃષ્ટિએ આપણે વિશ્વમાં ૧૪૨મા નંબરે છીએ અને એટલે અડધોઅડધ કરતાં વધુ વસતી પોતાના બજેટના બે છેડા મળે તે માટે મથામણ કરે છે ત્યારે માત્ર કદની દૃષ્ટિએ આપણે ચોથા કે ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જઈએ તેનાથી વધુ ફરક પડશે નહીં. સમાપનમાં એમ કહી શકાય કે, ૨૦૨૬-૨૭ના વર્ષ દરમિયાન રોકાણકારોએ વધુ અભ્યાસુ અને સતર્ક બનવું પડશે, જેના ફંડામેન્ટલ મજબૂત હોય, શૅરબજારમાં એના શૅરોનું લે-વેચનું વૉલ્યૂમ સારું એવું હોય, મેનેજમેન્ટ પ્રગતિશીલ હોય અને તેની સાથોસાથ આવનાર સમયને લક્ષમાં લેતાં કંપનીનાં ઉત્પાદનો સારી માર્કેટ શક્યતાઓ ધરાવતાં હોય તેવા શૅરોમાં ઘટાડે ખરીદી કરવી અને પોતે જે નફો રળવાની ધારણા મૂકી હોય તે સપાટીએ શૅરના ભાવ આવે ત્યારે પ્રોફિટ બુક કરી લેવો એ સાચી રણનીતિ રહેશે. તમે તમારા શૅરને યોગ્ય સમયે વેચીને નફો નથી રળી લેતા તો ક્યારેક એ નુકસાનકારક નીવડી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## બસ સ્ટોપ પર સંદેશ

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

બે મિત્રો યુગલ બહુ દિવસ બાદ મળ્યા. એક યુગલ હમણાં જ ત્રણ મહિનાની જાપાન દેશની મુલાકાત લઈને આવ્યું હતું. મિત્રો જ્યારથી મળ્યાં ત્યારથી જાપાનની અને તેની ખૂબીઓની વાતો કરી રહ્યાં હતાં. જાપાનીઓની મહેનત, દેશપ્રેમ અને શિસ્ત ચારે બાજુ આંખે ઊડીને વળગે તેવા એક નહીં અનેક પ્રસંગો તેમણે જણાવ્યા. એક બહુ નાનકડી પણ સુંદર સમજવા જેવી વાત હતી. જાપાન ફરીને આવનાર મિત્રે કહ્યું, ''જાપાનીઓ બહુ કરકસરમાં વિશ્વાસ ધરાવે, આપણે તેમને રસ્તો પૂછીએ તો ત્યાં બસ દ્વારા ટ્રેન દ્વારા કઈ રીતે પહોંચી શકાય તે બરાબર સમજાવે.'' મિત્ર પત્નીએ કહ્યું, ''એક વખત એક સ્થળે જવા માટે અમે રસ્તો પૂછ્યો તો તેમણે અમને નજીકનું બસ સ્ટોપ બતાવ્યું. કઈ બસ જશે તે પણ સમજાવ્યું. અમે બંને બસ સ્ટોપ સુધી ચાલીને ગયા. બસ સ્ટોપ પર બધા એકદમ વ્યવસ્થિત લાઇનમાં ઊભાં હતાં.'' આગળની વાતનો દોર મિત્રે સંભાળ્યો અને મિત્ર બોલ્યો, ''બસ સ્ટોપ પર એક મોટું બોર્ડ લગાડ્યું હતું. મને જાપાની ભાષા બરાબર આવડતી ન હતી. મને લાગ્યું કે બોર્ડ પર કંઈક બસને લગતી સૂચનાઓ હશે માટે આગળ લાઇનમાં ઊભેલા ભારતીયને મેં પૂછ્યું, ''તમને જાપાની ભાષા વાંચતાં આવડે છે?'' મિત્ર પત્નીએ આગળ જણાવ્યું કે, ''એ સજ્જને અમને તે બોર્ડ પર શું લખ્યું છે તેનો અર્થ સમજાવ્યો. એ વાતમાંથી જીવનનો એક સાચો પાઠ ભણવા મળી ગયો.''



આ સાંભળીને બીજા મિત્ર ઉત્સુક થઈ ગયા. તેમણે કહ્યું, '' એવું તે બોર્ડ પર શું લખ્યું હતું?'' મિત્રે કહ્યું, બોર્ડ પર લખ્યું હતું કે, ''આ બસ સ્ટોપ પર માત્ર બસ જ 'સ્ટોપ' થશે ટાઈમ નહિ એટલે કે બસ જ ઊભી રહેશે સમય નહીં. સમય ઊભો રહેતો નથી, સમય સતત આગળ વધતો રહે છે, ચાલતો રહે છે માટે હંમેશા સમય સાથે ચાલતા રહો. આગળ વધતાં રહો. પેલા જાપાની જાણતાં ભારતીય સજ્જને અમને બોર્ડ પરનું આ લખાણ સમજાવ્યું અને સાચે જ તે મને ખૂબ જ સ્પર્શી ગયું.'' મિત્રપત્ની બોલ્યાં, ''સાચે આ સંદેશ વિષે વિચાર્યું તો સમજાયું કે સમય તો સતત ચાલતો રહે છે. કોઈ પણ માટે ક્યારેય તે અટકતો નથી, કોઈની રાહ જોતો નથી. સમયનું મહત્ત્વ જાણી તેને ક્યારેય વેડફશો નહીં. તે જીવનમાં બધાએ જ ઉતારવું જરૂરી છે. જાપાનીઓએ આ વાત બરાબર જીવનમાં ઉતારી છે અને સતત આ વાત તેઓ એકબીજાને અને આવનારી પેઢીને સમજાવતાં રહે છે.''

# જે જાણતું તે મારતું, એ ક્રમ દીસે અકુદરતી

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**ભારતના જીવવિજ્ઞાની ઝીશાન મિર્ઝાએ પશ્ચિમ ઘાટ વિસ્તારમાં સાઠ જેટલી નવી પ્રજાતિઓ શોધેલી છે. તેમણે કહ્યું, 'કેટલીક પ્રજાતિઓનું નામકરણ થાય એ પહેલાં જ તે લુપ્ત થઈ જશે.' મિર્ઝાના જણાવ્યા અનુસાર જૈવવિવિધતાનાં મુખ્ય સ્થળો પરનો ખતરો વધતી જતી માનવવસતિ છે**

ટેક્નોલોજી બેધારી તલવાર હોય છે. તેનો ઉપયોગ ચમત્કારિક પરિણામ લાવી શકે છે પણ તે યોગ્ય રીતે ન પ્રયોજાય તો તેનાથી થતું નુકસાન ભરપાઈ કરી ન શકાય એવું હોય છે. એનો અર્થ એ કે તેનો છેવટનો આધાર તે કોના હાથમાં છે એની પર છે. કેમેરા અને બીજાં આધુનિક સાધનો થકી વન્ય જીવો વિશેની અનેક વિગતો જાણી શકાય છે, તેમ તેમની સમસ્યાઓ પણ પારખી શકાઈ છે. વન્ય જીવોની તસવીરો લેવાનો શોખ અનેક લોકોને હોય છે. અનેક કિસ્સામાં આવાં શોખીનો દ્વારા કેટલીય દુર્લભ પ્રજાતિઓ વિશે જાણવા મળતું રહ્યું છે. પણ ઘણા કિસ્સામાં આવાં શોખીનો અજાણતામાં કેવું નુકસાન કરી બેસે છે એનો નમૂનેદાર કિસ્સો પશ્ચિમ ઘાટનાં જંગલોમાં બન્યો છે.

વનોની પોતાની એક આગવી જૈવપ્રણાલી હોય છે. તેમાં અનેક પ્રજાતિઓ એકમેક પર અવલંબિત હોય છે. અહીં કોઈ વૃક્ષ ધરાશાયી થઈ જાય તો એ જમીન પર જ પડ્યું રહે છે. એનું પણ આગવું મહત્ત્વ છે. પશ્ચિમ ઘાટના કેરળમાં આવેલા કેટલાક વિસ્તારમાં 'ગેલેક્સી ફ્રોગ' નામના દેડકાની પ્રજાતિ જોવા મળે છે, જેનું જીવવિજ્ઞાનનું નામ 'મેલાનોબાટ્રેક્સ ઈન્ડિકસ' છે. નામ મુજબ જ તેમનો રંગ કાળો અને તેમાં તારા આકારનાં સફેદ ટપકાં હોય છે. આકાશગંગા જ જોઈ લો. આ પ્રકારના દેડકા મુખ્યત્વે જમીન પર આડા પડેલા થડની નીચે રહે છે અને વિકસે છે. તેની લંબાઈ બે સે.મી.થી લઈને સાડા ત્રણ સે.મી. સુધીની હોઈ શકે છે અને તે નવસો મીટરની ઊંચાઈએ જોવા મળે છે. અમસ્તા પણ આ પ્રજાતિના દેડકા દુર્લભ અને તેથી જોખમગ્રસ્ત ગણાતા હતા. પશ્ચિમ ઘાટના આ વિસ્તારમાં આવા સાત દેડકા હતા. એક સ્થળે આડા પડેલા પચીસેક થડની નીચે તે વસતા હતા. થોડા સમય અગાઉ સંશોધકોની એક ટીમને પોતાની તપાસમાં જણાયું કે આ પચીસે પચીસ થડ ઊલટાવાઈ ગયેલાં છે, આસપાસના વિસ્તારમાં ઊગેલી વનસ્પતિ ચગદાઈ ગઈ છે અને પેલા સાતે દેડકા ગાયબ છે. વધુ તપાસમાં જાણવા મળ્યું કે તસવીરકારોનું એક જૂથ આવેલું, જેણે આ દેડકાંને શોધવા માટે પેલાં થડિયાં ઊથલાવ્યાં, વધુ તીવ્રતાવાળી ફ્લેશગનથી તસવીરો લીધી, તસવીરમાં સારી પૃષ્ઠભૂમિ મળે એટલા માટે તેમને બીજે ગોઠવ્યા અને હાથમોજાં પહેર્યા વિના તેમણે આમ કર્યું. આને કારણે એ દેડકાંમાં નિર્જળીકરણ, તણાવ તેમજ રોગનું સંક્રમણ થઈ શકે. ચારથી છ તસવીરકારો એના એ જ દેડકાની તસવીરો લેતા રહ્યા અને આવું સતત ચચ્ચાર કલાક સુધી ચાલ્યું.

અમેરિકન સંસ્થા 'સોસાયટાસ યુરોપીઆ હર્પેટોલોજિકા' (એસ.ઈ.એચ.)ના પ્રકાશન 'હર્પેટોલોજી નોટ્સ'માં આ અહેવાલ પ્રકાશિત થતાં આ હકીકતની જાણ થઈ. આ અહેવાલના મુખ્ય લેખક કે.પી. રાજકુમાર છે. તેમણે આ બાબતે વધુ જણાવ્યું છે કેઃ 'આ દુઃખદ ઘટના, અનિયંત્રિતપણે કરવામાં આવતી ફોટોગ્રાફીનાં પરિણામો કેવાં આવી શકે એ હકીકતની ગંભીર ચેતવણી સમાન છે. પોતાના રંગ તેમજ દુર્લભતાને કારણે આ દેડકાંને ફોટોગ્રાફરો શોધતા હોય છે. પણ એ ધ્યાન રાખવું જોઈએ કે આ દેડકાની તસવીરો લેવા માટેના ઉત્સાહમાં એ જ તસવીરકારો દ્વારા તેમનું નિકંદન ન નીકળી જાય. એ પણ એક વક્રતા જ કહી શકાય કે તેની દુર્લભતાને કારણે કેમેરામાં તેમને ઝડપવાની હોડ તેમને દુર્લભ અને ભૂતકાળની ચીજ બનાવી રહી છે. તે હવે તસવીરોમાં જ જોઈ શકાશે.'

રાજકુમારે વધુમાં કહેલું, 'ફોટોગ્રાફીને યોગ્ય રીતે કરવામાં આવે તો તે સંરક્ષણકર્તાને વિવિધ પ્રાણીઓ ક્યાં રહે છે, શી રીતે વર્તે છે વગેરે બાબતો સમજવામાં મદદરૂપ બને છે. આવી તસવીરો એ અદ્ભુત પ્રજાતિઓ વિશે શીખવામાં પણ મદદ કરે છે પણ બેજવાબદારીપૂર્વક કરાયેલી ફોટોગ્રાફી જોખમી બની શકે છે.' ભારતના જીવવિજ્ઞાની ઝીશાન મિર્ઝાએ પશ્ચિમ ઘાટ વિસ્તારમાં સાઠ જેટલી નવી પ્રજાતિઓ શોધેલી છે. તેમણે કહ્યું, 'કેટલીક પ્રજાતિઓનું નામકરણ થાય એ પહેલાં જ તે લુપ્ત થઈ જશે.' મિર્ઝાના જણાવ્યા અનુસાર જૈવવિવિધતાનાં મુખ્ય સ્થળો પરનો ખતરો વધતી જતી માનવવસતિ છે. આ ખતરા સાથે સંકળાયેલાં અન્ય તમામ પરિબળો માનવવસતિ સાથે જ સંકળાયેલાં છે. ચા અને કોફીના બગીચા માટે પશ્ચિમ ઘાટનાં જંગલોનું ખેતીલાયક જમીનમાં રૂપાંતર કરવામાં આવે છે. ગામની સીમા વિસ્તરતી રહી છે, જંગલોની વચ્ચેથી વાહનમાર્ગ બનાવવામાં આવે છે. પ્રવાસીઓને આકર્ષવા માટે પણ અવનવાં ગતકડાં કરવામાં આવે છે, જેમાં ઘોંઘાટ અને પ્રદૂષણ સિવાય કશું હોતું નથી. એમાં હવે ભળી છે ફોટોગ્રાફી, જેનો મૂળભૂત આશય શુભ હોવા છતાં તે ઘાતક નીવડી શકે છે.

હજી જેમની ઓળખ તો શું, જાણ થવી પણ બાકી છે એવી અનેક પ્રજાતિઓ આવા ઘટનાક્રમનો ભોગ બની હશે અને હજી બનતી રહેશે.

કુદરતે દરેકેદરેક પાસાંનો વિચાર કરેલો છે પણ માનવે જ્યારથી કુદરતી ક્રમમાં દખલગીરી કરી એ પછી તેણે પોતાની સાથે સાથે અન્ય જીવોનો પણ વિનાશ નોંતર્યો છે. અસ્તન એટલે કે સસ્તન ન હોય એવી શ્રેણીનાં પ્રાણીઓનો રંગ એકદમ તેજસ્વી હોય છે, જે શિકારી પ્રાણીઓ માટે એક પ્રકારે ચેતવણી છે કે આ જીવ ખાદ્ય નથી પણ કેમેરાની, સામાજિક નેટવાર્કિંગ માધ્યમ નામના પ્રાણીની ભૂખ અને વૃત્તિની જાણ કુદરતને શી રીતે હોય? એ ભૂખે જ ગેલેક્સી ફ્રોગ જેવી દુર્લભ પ્રજાતિનો ભોગ લીધો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## 'જીવનની કાચી દોર મોબાઈલ'

માનવના જીવનની દોર બની છે મોબાઈલ, જે દોરની ગેરંટી કે વોરંટી નથી. જેથી તે કેટલાક વ્યકિત માટે મજબૂત દોર બની છે તો કેટલાક માટે કાચી. પહેલાંના સમયમાં જ્યારે કોઈક વાતો પહોંચાડવી હોય તો કેટલાય દિવસો વીતી જતાં,આવી અનેક મુશ્કેલીઓનું નિવારણ મોબાઈલ બન્યો. પરંતુ અત્યારના સમયમાં તે નિવારણ એ જ નવી મહામુશ્કેલી બની છે. આ મોબાઈલ રૂપી દોર તેમના માટે મજબૂત છે જે મોબાઈલને યોગ્ય સમયે, સ્થળે અને યોગ્ય કાયય માટે ઉપયોગ કરે છે, જેઓ સમયની બચત કરવા માગતા હોય છે. જેમ કે ગણતરી માટે, વાતો પહોંચાડવા માટે, પોતાનું ભણતર કરવા. જેઓ મોબાઈલનો યોગ્ય ઉપયોગ જાણે છે, તેમના માટે મોબાઈલ આવકરૂપ બની છે, મજબૂત દોર બની છે પરંતુ જેઓ મોબાઈલને ફક્ત એક મનોરંજનનું સાધન સમજે છે. આ દોર તેમના માટે કાચી બની છે. જીવનના મુશ્કેલ પ્રશ્નો જે વડીલ કે મિત્રોને પૂછવા હોય તે AI ને પૂછવામાં આવે છે જેથી ન કરવા જેવાં કામો તે કરી બેસે છે. તમારી જીવનની કાચી દોર તૂટે તે પહેલાં ચેતી જાઓ અને તે દોરને મજબૂત બનાવો. મોબાઈલ જીવન માટે મહત્ત્વનું છે પરંતુ મોબાઈલ આપણું જીવન નથી.'

**નવસારી - હળપત કિંજલ એચ.**

## માઈક્રોબાયોમ્સ - ફાયદાકારક જીવાણુઓ

સ્વસ્થ રહેવા માટે કસરત, પૌષ્ટિક ખોરાક તથા ધૂમ્રપાન બંધ કરવું જરૂરી છે. આ ઉપરાંત આંતરડામાં રહેલા માઈક્રોબાયોમ્સ એટલે કે સારા બેક્ટેરિયા, વાયરસ તથા ફૂગ પણ એટલાં જ જરૂરી છે. ચામડી , ફેફસાં તથા પ્રજનન અંગોમાં પણ આ પ્રકારના માઈક્રોબાયોમ્સ હાજર હોય છે. પરંતુ આંતરડામાં રહેલા આ માઈક્રોબાયોમ્સ ખૂબ જ અલગ પ્રકારનાં હોય છે. તેઓ શરીરને સ્વસ્થ રાખવા માટે ઘણાં કાર્ય કરતાં હોય છે. તેઓ રેસા અને સ્ટાર્સને વિભાજિત કરે છે, વિટામિન બી, વિટામિન કે તથા જરૂરી એમિનો એસિડ પણ બનાવતા હોય છે. ચરબીની નાની ચેઈન પણ બનાવતા હોય છે, જે અમુક પ્રકારના રોગોને અટકાવવામાં મદદ કરે છે. જ્યારે લાંબો સમય એન્ટિબાયોટિક્સ લેવામાં આવે છે ત્યારે તે આંતરડાના સારા બેક્ટેરિયાને નુકસાન પહોંચાડે છે પરંતુ જ્યારે એન્ટીબાયોટિક્સ બંધ કરીએ છીએ ત્યારે ફરી આંતરડા સામાન્ય રીતે કામ કરવા લાગે છે. તે રીતે જ લાંબા સમય સુધી પ્રવાસે હોઈએ અને બહારનો ખોરાક ખાઈએ તથા વધારે પડતાં જંક ફૂડને કારણે આંતરડામાં રહેલા સારા બેક્ટેરિયા પોષણ નહીં મળવાને કારણે ઓછાં થઈ જાય છે તથા જુદા જુદા પ્રકારના રોગો જેવાકે કેન્સર, ડિપ્રેશન, પાર્કિન્સન જેવા રોગો ઘર કરી જાય છે. સામાન્ય રીતે આ પ્રકારના સારા બેક્ટેરિયાનું માધ્યમ ટૂંક સમયમાં ફરી પાછું રબર બેન્ડની જેમ ખેંચાઈને મૂળ સ્થિતિમાં આવી જાય છે .

આંતરડાના સારા બેક્ટેરિયા આપણે જે ખાઈએ છીએ તે જ ખાય છે. જો આપણે વધારે ખાંડવાળો ખોરાક કે વધારે મીઠાવાળો ખોરાક કે વધારે ચરબીયુક્ત ખોરાક, પ્રોસેસ ફુડ કે શરાબનું સેવન લાંબો સમય કરવામાં આવે તો આ પ્રકારના બેક્ટેરિયાને આંતરડાની દિવાલમાંથી પોષણ મેળવવું પડે છે જે આંતરડાની દીવાલને નુકસાન કરે છે ને ત્યારે પણ ખરાબ બેક્ટેરિયા આંતરડાની દિવાલમાંથી શરીરમાં દાખલ થઈ જાય છે અને જુદા જુદા રોગો શરીરમાં પ્રવેશી જાય છે. ખૂબ પાણી પીવું, કસરત કરવી, ધૂમ્રપાનનો ત્યાગ કરવો તથા ચિંતા નહીં કરવાથી આંતરડામાં રહેલા સારા બેક્ટેરિયા તમને ઘણી બીમારીઓથી બચાવે છે.

**અમેરિકા- ડૉ. ચંદ્રેશ જરદોશ**

## વકીલ ગ્રૂપ દિલ્હી કોર્ટના કોર્ટયાર્ડમાં મારપીટ અતિ નિંદનીય

આખા દેશને ચલાવવા માટે નાગરિકો બુદ્ધિ ધનનો ઉપયોગ લાંબા સમયનો સવાલ હોય કે ટૂંકા સમયનો સવાલ હોય, પણ વકીલની મુખ્યત્વે સલાહ લેવામાં આવે છે. આખા દેશને ચલાવવા માટે વકીલો પ્રથમ હરોળમાં આવે છે. વકીલના નિયમો મુજબ યુનિફોર્મની ગરિમા જળવાઈ રહે તેવી વ્યવસ્થા વકીલે પોતે રાખવાની હોય છે. દિલ્હી કોર્ટ પરિસરમાં વકીલ વકીલ વચ્ચે મારપીટનો વિડીયો છે. જેનાથી સ્પષ્ટ સંદેશ મળી શકે છે. જેવો શિક્ષિત અને સમજદાર છે તેમનું કર્તવ્ય બને કે કોઈ પણ સમસ્યાનો હલ સુલેહ શાંતિપૂર્વક હોવો જોઈએ. તેવી ભાવના અને નિયમમાં પ્રથમ બંધાયેલો હોય તો તે વકીલ છે. વકીલો વચ્ચે સો ટકા વિચારનો મતભેદ હોઈ શકે પણ મારપીટ કરવું વકીલની ડાયરીમાં નથી. છતાં દિલ્હી જેવા શહેરના કોર્ટના આંગણામાં મારપીટ કરવું મતલબ સુલેહ અને શાંતિનો ભંગ અને દેશમાં મરી ગયેલ તંત્રની ગાથા છે. એવા ગ્રુપમાં અને તેઓ એકબીજાના વિચારોનો વિરોધ કરી શકે પણ મારપીટ કરવું મતલબ તંત્રની પદ્ધતિમાં કાયદાનું અવમાન કરવું જે ખરેખર આ શોભનીય નથી. તેમાં પણ ખાસ યુનિફોર્મમાં હોવું કેટલું સરાહનીય કહી શકાય.? વકીલ જ ગુંડા ગર્દી જેવો વિકલ્પ પર ઊતરી જશે તો સામાન્ય અને અભણ નાગરિકો શું કરશે? સામાન્ય નાગરિક પાસે અપેક્ષા ન રાખી શકાય પણ એક વકીલ પાસે ઘણી બધી અપેક્ષા રાખી શકાય છે. લાયકાતના નામે કરેલી આરટીઆઈથી દેશના પ્રધાનમંત્રીને માન હાનિ થતી હોય ત્યાં વધારે વકીલ પાસે શું અપેક્ષા રાખી શકાય. વકીલ પાસે જે છેલ્લો વિકલ્પ હોય તે જ મીડિયામાં આવી શકે છે.

**તાપી - હરીશકુમાર ચૌધરી**

## સરકારી ભરતીઓની પરીક્ષાઓમાં અભ્યાસક્રમમાં ગુણભાર સરખો હોવો જોઈએ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તેમજ ગુજરાતી વહીવટી સેવાની પરીક્ષાઓ માટેની જાહેરાતો બહાર પડતા સરકારી નોકરીવાચ્છુકો માટે એક આશાનું કિરણ ફુટી નીકળ્યુ છે. સરકારી ભરતીઓમાં જે રીતે અભ્યાસક્રમ જાહેર કરવામા આવે છે તેમા કેટલીક પરીક્ષાઓના અભ્યાસક્રમ જાહેર કરવામા આવે છે અને જે વિષય દીઠ ગુણભાર નક્કી આવે છે. તેમાં સરખો ગુણભાર આપવો જોઈએ તેવુ મારુ માનવુ છે. પરીક્ષા લેનારી સંસ્થાને તેના નિર્ણયો લેવોનો હક છે તેનો વિરોધ પણ ના કરી શકીએ. પણ પરીક્ષા આપનારા ઉમેદવારોની માનસિક પરિસ્થિતિને ધ્યાનમા રાખીને ગુણ ભારાંક નક્કી કરવા જોઈએ. હવે પાછલા બે વિષયોને ધ્યાને જોઈએ તો આ વિષયના પ્રશ્નોના જવાબ ટીક કરવા માટે સમય જોઈએ. આપણા ગુજરાતમાં જે મોટા ભાગના પરીક્ષાર્થીઓ આર્ટસમાંથી સ્નાતક થયેલા હોય છે. વિજ્ઞાન પ્રવાહ કે કોમર્સ પ્રવાહમાંથી આવતા પરીક્ષાર્થીઓની ટકાવારી ઓછી હોય છે, વધુમાં જે લોકોએ 10મા પછી ગણિત છોડી દીધુ છે તેવા આર્ટસવાળા ઉમેદવારોને તકલીફ પડશે. હાલમાં કોંચિગ સેન્ટરો પણ મોટા ભાગના શહેરોમા ચાલે છે. પણ મધ્યમ અને ગરીબ વર્ગને ફી પોસાય તેમ નથી. પરીક્ષા સંસ્થાએ દરેક વિષયને સરખો ન્યાય આપીને ગુણભાર નક્કી કરવા જોઈએ. આ બાબતે પરીક્ષા લેનારી સંસ્થા વિચારશે ખરી?

**પંચમહાલ - વિજયસિંહ સોલંકી**

## આપણું સુરત

આપણા સુરતમાં ગુજરાત બહારના લોકો આવીને વસ્યા અને તેઓ કરોડપતિ બની ગયાના દાખલા છે. સુરતે ફેસીલીટી અને રહેણીકરણીમાં મોટો બદલાવ લાવીને મુંબઈને પણ પાછળ પાડી દીધુ છે એમ કહીએ તો પણ બિલકુલ ખોટુ નથી. સવ્છતામાં પણ સુરતે મોખરાનુ સ્થાન મેળવી એવોર્ડ મેળવ્યો છે.

સ્વચ્છતામાં નંબર વન બનનાર સુરત આપણા માટે ગૌરવ છે આજે તો લોકો ગંદકી કરતા પણ ડરે છે રસ્તા પર છડેચોક થૂંકતા પહેલા વિચારે છે. કયારેક બનતુ હશે એની ના નહીં. મનપા આ વર્ષે શેરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી 700 કરોડની વાર્ષિક આવક કરશે. સુરત મનપાનું નવુ બિલ્ડીંગ પણ તૈયાર થઈ રહ્યું છે આર્થિક સરવેમાં પણ સુરત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતુ શહેર છે. સુરત વેસ્ટ વોટર ટ્રીટમેન્ટને મોડલ ગણાવાયુ છે. સુરત મનપા કચરામાંથી પણ આવક ઉભી કરે છે. આપણુ ગૌરવવંતુ સુરત આપણી આગવી ઓળખ છે પરંતુ દુઃખ સાથે એક વાત કહેવી પડે છે કે બધી રીતે પ્રથમ રહેલુ સુરત ગુનાહીત પ્રવૃત્તિમાં પણ વેગ પકડતુ જાય છે એ સારું નથી.

**અડાજણ - શીલા સુભાષ ભટ્ટ**